# નવસારી કલેક્ટર તરીકે પદભાર સંભાળતા રવિ કુમાર અરોરા

નવસારી તા.૧૦

રાજ્ય સરકારે નવસારી જિલ્લા કલેક્ટર તરીકે રવિકુમાર અરોરા (આઇ.એ.એસ)ની નિમણૂંક કરાતા તેઓએ આજે તા. ૧૦/૫/૨૦૧૬ ના રોજ તેમના હોદ્દાનો અખત્યાર સંભાળી લીધો છે. ઉલ્લેખનિય છે કે, નવસારી કલેક્ટર રેમ્યા મોહનની વલસાડ કલેક્ટર તરીકે બદલી થઇ છે.



રવિકુમાર અરોરા વર્ષ ૨૦૦૬ ની બેચના આઇ.એ.એસ. થયેલા છે. તેઓ માસ્ટર ઇન પબ્લીક પોલીસીની પદવી ધરાવે છે. રવિકુમારે તેમના કાર્યકાળ દરમિયાન સાબરકાંઠા, વડોદરાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી હતી. રાજ્ય સરકાર દ્વારા હાલમાં જ જાહેર થયેલા બેસ્ટ જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠા તરીકેનો એવોર્ડ પણ તેઓને મળ્યો છે. રવિકુમાર અરોરાના મહિસાગર જિલ્લા કલેક્ટર તરીકેના આઠ માસના ટૂંકાગાળામાં તેમના સરળ, સૌમ્ય સ્વભાવ અને તેમની કાર્યપ્રણાલીથી જિલ્લાના વહીવટીતંત્રમાં લોકચાહના મેળવી હતી.

વલસાડ કલેક્ટર તરીકે ૧૫ માસના સમય દરમિયાન તેમની સારી કામગીરીની સરાહના કરવામાં આવી છે. ખાસ કરીને પ્રવાસન ક્ષેત્ર, શૌચાલય કામગીરી અને મોડેલ આંગણવાડી જેવા ક્ષેત્રમાં તેમની કામગીરી સરાહનીય રહી છે. ખાસ કરીને વલસાડ ખાતે દિવ્યાંગોને એક મંચ પર ભેગા કરીને સ્વરોજગારી, નોકરી, પસંદગી મેળો, સહાય વિતરણ કાર્યક્રમ યોજીને એક સેવાકીય ભાવનાને જોડી હતી.

એક મુલાકાતમાં રવિ કુમાર અરોરાએ જણાવ્યું હતું કે, નવસારી સાક્ષર અને સંસ્કૃતિની વિરાસત ધરાવતો જિલ્લો છે. નવસારી જિલ્લાના વિકાસ માટે બેસ્ટ પ્રયાસ કરાશે. ખેતીમાં ખાસ કરીને બાગાયતી ખેતીમાં નવસારી અગ્રેસર છે. જેના માટે માર્કેટિંગ ક્ષેત્રને બહેતર બનાવવા પણ પ્રયાસો થશે. સ્વચ્છતા પર વિશેષ ભાર મુકતા કલેક્ટરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ નવસારી જિલ્લો ટુંકા સમયમાં નિર્મળ જિલ્લો બને તે માટે પ્રયાસ રહેશે. ઉપરાંત રાજ્ય સરકારની યોજનાઓના લાભ લોકો સુધી પહોંચે તે માટે તંત્ર વધુ સજાગ બનશે. નવસારી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રની તકો રહેલી છે. ઐતિહાસિક દાંડી, ભરાટ, અજમલગઢ, ઉનાઇ માતાજી મંદિર સહિતના પ્રવાસન ધામો પર પ્રવાસીઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પર નવસારી કલેક્ટર દ્વારા જણાવાયું છે.

# બાગાયતી ખેતીના માર્કેટિંગ ક્ષેત્રને બહેતર બનાવવા પ્રયાસો કરાશે

## નવસારી કલેકટર તરીકે પદભાર સંભાળતા રવિકુમાર

ભાસ્કર ન્યૂઝ. નવસારી

રાજ્ય સરકારે નવસારી જિલ્લા કલેકટર તરીકે રવિકુમાર અરોરાની નિમણૂંક કરાતા તેઓએ તા.10મી મે 2016 ના રોજ તેમના હોદ્દો સંભાળી લીધો છે.

રવિકુમાર અરોરા વર્ષ 2006 ની બેચના આઇ.એ.એસ. થયેલા છે. તેઓ માસ્ટર ઇન પબ્લીક પોલીસીની પદવી ધરાવે છે. રવિકુમારે તેમના કાર્યકાળ દરમિયાન સાંબરકાઠા, વડોદરાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી હતી. રાજ્ય સરકાર દ્વારા જાહેર થયેલા બેસ્ટ જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠા તરીકેનો એવોર્ડ તેઓને મળ્યો છે.



વલસાડ કલેકટર તરીકે દિવ્યાંગોને એક મંચ પર ભેગા કરીને રોજગારી, નોકરી, પસંદગી મેળો, સહાય વિતરણ કાર્યક્રમ યોજીને એક સેવાકીય ભાવનાને જોડી હતી. રવિ કુમાર અરોરાએ જણાવ્યું હતું કે, નવસારી સાક્ષર અને સંસ્કૃતિની વિરાસત ધરાવતો જિલ્લો છે. નવસારીના વિકાસ માટે બેસ્ટ પ્રયાસ કરાશે. ખેતીમાં ખાસ કરીને બાગાયતી ખેતીમાં નવસારી અગ્રેસર છે. જેના માટે માર્કેટિંગ ક્ષેત્રને બહેતર બનાવવા પણ પ્રયાસો થશે. સ્વચ્છતા પર વિશેષ ભાર મુકતા કલેકટરે જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારત અભિયાન હેઠળ નવસારી ટુંકા સમયમાં નિર્મળ જિલ્લો બને તે માટે પ્રયાસ રહેશે.

જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રની તકો રહેલી છે. દાંડી, ઉભરાટ, અજમલગઢ, ઉનાઇ માતાજી મંદિર સહિતના પ્રવાસનધામો પર પ્રવાસીઓને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પર નવસારી કલેકટર દ્વારા જણાવાયું છે.